(૭૩)

અનુસૂચિત જાતિના લોકોને ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડની ''સાઇટ એન્ડ સર્વિસ'' ની યોજના હેઠળ મળનાર પ્લોટ પર સબસીડી આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક:-સસય/૧૦૮૭/૨૨૫૩/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૯-૧૨-૧૯૮૮

વંચાણે લીધા ::- સમાજ કલ્યાણ નિયામકશ્રીનો પત્ર ક્રમાંક:-સક/યોજના/૨૭૪/તા. ૯-૧૦-૮૭.

ઠરાવ ::-

શહેરી વિસ્તારોમાં રહેણાંકની સમસ્યા સર્વ સામાન્ય છે તેમાંય સમાજના પછાતવર્ગના અનુસૂચિત જાતિના લોકોને રહેણાંક માટે મકાન બનાવવાની બાબત અતિ દુષ્કર થઇ પડે છે. આથી આ લોકોને પોતાની આર્થિક સ્થિતિને કારણે શહેરના ગંદા વિસ્તારમાં વસવાટ કરવો પડે છે. જયાં તેઓનું આરોગ્ય જોખમાય છે, સાથે સાથે શહેર માટે આવા સ્લમ એરિયા દુષણ રુપ બની રહે છે. આથી શહેરના લોકોનું તથા ગંદા વિસ્તારમાં વસતા લોકોનું આરોગ્ય જળવાય તે દ્રષ્ટિએ ગુજરાત ગંદા વસવાટ નાબુદી બોર્ડે સાઇટ એન્ડ સર્વિસ ' ની યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોને જે પ્લોટ મળે તે પ્લોટ પર મકાન બાંધવા માટે રૂ. ૧૦૦૦/- (રૂ. એક હજાર પૂરા) ની સબસીડી આપવા માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વિભાગ-૧ ની નવી બાબત તરીકે રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

યોજનાની રુપરેખા :-

ગુજરાત ગંદા વસવાટ નાબુદી બોર્ડ તરફથી લાભાર્થીને આશરે ૩૦ થી ૪૦ ચો.મી. નો પ્લોટ ફાળવવામાં આવે છે. જેમાં સંડાસ-બાથરુમ, બહિર્ગટર, પાણી સ્ટ્રીટ લાઇટ અને રસ્તાની સુવિધા પુરી પાડવામાં આવે છે. બોર્ડ રુ. ૬૦૦૦/- ની મર્યાદામાં આ સુવિધા પુરી પાડે છે. પરંતુ પ્લોટ પર મકાનનું બાંધકામ પ્લોટ ધારણ કરનારે કરવાનું હોય છે. અનુ.જાતિના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે મકાન બાંધકામ માટે પુરેપુરી રકમની જોગવાઇ કરવા અસમર્થ હોય છે. આથી તેઓને રાહત આપવા પ્રત્યેક લાભાર્થીને રુ. ૧૦૦૦/- ની સહાય આપવાનો આ યોજનાનો હેતુ છે.

યોજનાનો અમલ :-

નીચેની શરતોને આધિન સમાજ કલ્યાણ અધિકારી/જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી આ યોજનાનો અમલ કરશે :-

(૧) લાભ કોને મળે ?

અનુસૂચિત જાતિના જે લાભાર્થીને ગુજરાત ગંદા વસવાટ નાબુદી બોર્ડ તરફથી 'સાઇટ એન્ડ સર્વિસીસ' યોજના હેઠળ પ્લોટ મળ્યો હશે તેને જ આ યોજનાનો લાભ મળશે.

(૨) સબસીડી કયારે મળે ?

લાભાર્થી બોર્ડે ફાળવેલ પ્લોટનો પ્રત્યક્ષ કબજો મેળવે અને પ્લોટ પર પોતે મકાન બાંધે, બાદ મકાન બંધાયાની ખરાઇ ગુજરાત સ્લમ કલીઅરન્સ બોર્ડ મારફત તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા થયા બાદ સબસીડીની રકમ સ્લમ કલીયરન્સ બોર્ડને ચૂકવવાની રહેશે.

(૩) અગ્રતા કોને મળશે ?

પ્લોટનો કબજો મેળવ્યા બાદ, વહેલું બાંધકામ શરુ કરનારને અગ્રતાના ધોરણે સહાય આપવામાં આવશે.

// ૩ //

(૯૭)



(૪) આવક મર્યાદા :-

વાર્ષિક આવક મર્યાદા રૂ. ૪૨૦૦/- ધરાવનારને જ આ યોજના હેઠળ લાભ અપાશે.

૨/- આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી -૯૪, સેકટર-સામાજીક અને સમૂહ સેવાઓ, સબસેકટર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, બીસીકે-૫૦ હેઠળ ઉધારવો અને ચાલુ સાલે કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવો.

૩/- આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાંસલાહકારશ્રીની તા. ૧૨-૧૨-૮૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ક. ર. વસાવા )
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

૧. નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૨. સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
૩. સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (રાજય)
૪. એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર.
૫. પે એન્ડ એકાઉન્ટ ઓફીસર અમદાવાદ / ગાંધીનગર.
૬. રેસીડેન્ટ ઓફીસર અમદાવાદ / ગાંધીનગર.
૭. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. ગુજરાત રાજય ગંદા વસવાટ નાબુદી બોર્ડ, શાહીબાગ, ડફનાળા, અમદાવાદ.
૯. માહિતી નિયામકશ્રી, ગાંધીનગર અખબારી યાદી પ્રસિધ્ધ કરવા સારું.
૧૦. વિભાગની બજેટ શાખા તરફ જાણ માટે.....

વાજંદ/૧૭૧૨/સ્ટે.//